***Wish you all a Very Happy Diwali***

# દિવાળી ઉજવો એ પહેલાં

## પ્રિયમ્

● પ્રેષક ●


**શા. બાબુલાલ સરેમલજી**

**"સિદ્ધાચલ", સેન્ટ એન્સ સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી,**

**સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪**

E-mail : ahoshrut.bs@gmail.com

ફટાકડા લાવો એ પહેલાં
મિઠાઈ ખાતા પહેલાં
નવા કપડાં ખરીદતાં પહેલાં
લક્ષ્મીપૂજન
અને ચોપડાપૂજન કરતા પહેલાં
સાલમુબારક કરતાં પહેલાં

**PLEASE**
**LISTEN**
**ME**

મારી ગેરંટી છે
તમારી આ દિવાળી
ખરેખરી દિવાળી બની જશે.
ખરેખર
I PROMISE.

* * * * * * * *

ફટાકડા ફોડવાથી ખુશી મળે
એવું આપણે પરાણે માની લીધું છે.
પરાણે એટલા માટે
કારણ કે આપણે આ બાબતમાં
આપણા અનુભવની સલાહ લીધી નથી.
બસ
બધાં ફોડે છે એટલે આપણે ય...

*I ask you one question.*

ધડાકાઓના અવાજોને એક કેસેટમાં ભરી લેવાય

અને

ધડાકાઓના ધુમાડાને એક સિલિન્ડરમાં ભરી લેવાય

તો

કાનમાં ઈયરફોન રાખીને

અને

નાક પર સિલિન્ડરનો પાઈપ રાખીને

તમે એ ધડાકાઓને એન્જોય કરી શકશો ?

*Why not ?*

એ બ્લાસ્ટ્સમાં આ બે જ વસ્તુ તો હતી.

*All Right*

તમે આવું પસંદ નહીં કરો.

*I can understand.*

એનાથી તો કાનના પડદાં ફાટી જશે.

સાંભળતાં ય ત્રાસ થશે.

ગૂંગળામણ થશે.

કેટકેટલા રોગો પણ થશે

અને કદાચ... મરી પણ જવાશે.

તો

**જે વસ્તુ તમને પસંદ નથી,**

**એ બીજાને કેમ આપી શકાય ?**

ગઈ સાલ સુધી
ફટાકડાંઓ ફોડી ફોડીને તમે
બીજાને શું આપ્યું છે ?
ખબર છે ?
જરા કાન દઈને સાંભળો.
તેઓ પોતે જ તમને પોતાની વીતી
કહી રહ્યા છે.

* * * * *

કેટલાં કષ્ટોને વેઠીને મેં બચ્ચાને જન્મ આપ્યો.
કલાકોની મહેનત કરીને ય હું એના માટે દાણા લઈ આવતી
પ્રેમથી મારી ચાંચથી એની ચાંચમાં મુકતી.
એ ખાતું.
હું એને પંપાળતી,
એને જોઈ જોઈને હું હરખાતી.
હજી તો એને જન્મ્યાંને આઠ-દશ દિવસ થયા હતાં.
ને એક રાતે
ભયંકર ધડાકાઓ થવા લાગ્યાં.
**હું ય થર થર ધ્રુજી રહી હતી,**
**તો બચ્ચાની તો શી વિસાત ?**
એને હિંમત આપવા માટે હું એને વળગીને બેસી ગઈ.
દરેક ધડાકે એ ભયંકર રીતે ધ્રુજતું.

થોડો સમય આ જ રીતે ગયો.
ને અચાનક એ શાંત થઈ ગયું.
એકદમ શાંત.
મને થયું, બિચારું ઉંઘી ગયું હશે, પણ
એનું શરીર ઠંડુ પડતું ગયું, સાવ જ ઠંડું.
મને એક ધ્રાસકો પડી ગયો.
મેં એને હલબલાવી જોયું.
ને મને ખ્યાલ આવી ગયો.
હું દુઃખથી પાગલ જેવી થઈ ગઈ.
મેં ચાંચો ઘોંચી ઘોંચીને એને બોલાવવાનો
પ્રયત્ન કરી જોયો.
પણ...
મેં મારા પીંછા વીંખેરી નાંખ્યા...
મેં મારી જાતને ઘાયલ કરી દીધી.
મેં કરુણ આક્રંદ કરી મુક્યું.
પણ કોને એ સંભળાય ?
એ ધડાકાઓમાં.
**સાંભળ્યું છે, એ માનવોનો ખુશીનો તહેવાર છે.**
**આ રીતે ખુશી મનાવે ?**
**ને એને માનવ કહેવાય ?**
હાય,
**મારી તો આખી દુનિયા લૂંટાઈ ગઈ.**

*  *  *  *  *

છેલ્લા ત્રણ મહિનાથી મહેનત કરી કરીને
અમે એક માળો બાંધ્યો હતો.
ક્યાંકથી થોડું સૂકું ઘાસ મળ્યું, ક્યાંકથી કોઈ
તૂટેલા ઝાડુની સળીઓ મળી.
ક્યાંકથી થોડા કાગળના ટુકડાં મળ્યાં.
ને માળો બન્યો.
એને પૂરાં દિવસ ચાલતાં હતાં.
અમારા આવનારા સંતાનનું સ્વાગત કરવા માટે
માળો સજ્જ હતો.
**અમારી આંખોમાં સપનાઓએ માળા બાંધ્યાં હતાં.**
ને એ દિવસ આવ્યો.
એણે ઈંડું મુક્યું.
અમારા બંનેનો જીવ જાણે એ ઈંડામાં જ હતો.
દિવસ ને રાત
એ અમારું જીવનકેન્દ્ર બની ગયું.
ત્યાં તો
આકાશમાં વારંવાર આગ ફાટી નીકળવા લાગી.
અમને પહેલી ચિંતા એ ઈંડાની થઈ.
કેટકેટલી વાર અમારા ઝાડ પાસેથી તણખાંઓ નીચે પડતાં.
અમારો તો શ્વાસ અદ્ધર થઈ ગયો.
એક વાર
બરાબર અમારી ડાળની બાજુમાંથી તણખાં પડ્યાં.
એણે વિહ્વળ આંખે મારી સામે જોયું.

**પણ હું લાચાર હતો.**

**સાવ જ લાચાર.**

અમારા ત્રણેની જિંદગી કોઈ પણ ક્ષણે

બહુ જ ખરાબ રીતે પૂરી થઈ શકે છે

એની મને જાણ હતી.

પણ લાચારપણે જોયા કરવા સિવાય

અમારી પાસે બીજો કોઈ જ વિકલ્પ ન હતો.

**ને એ ગોઝારી પળ આવી ગઈ.**

આખા માળાએ આગ પકડી લીધી.

**મેં બાજુની ડાળથી એને રોકવા માટે ચીસાચીસ કરી મૂકી.**

પણ એ ઝાલી ના રહી.

એ સજ્જડ રીતે ઈંડા પર બેસી ગઈ.

મારું મગજ બહેર મારી ગયું.

ઈંડું પણ બળી ગયું,

**એ પણ પૂરે પૂરી બળી ગઈ એ પછી.**

ઓ માનવો !

અમે તમારું શું બગાડ્યું હતું ?

* * * * *

મને ઓળખ્યો ?

તમે મને વફાદાર પ્રાણી કહેતા હો છો.

તમે અમને પાળો છો. પંપાળો છો. ખવડાવો છો.

ને અમે તમારા ઘરની ચોરી અટકાવવા અમારો

જીવ પણ આપી દઈએ છીએ.

વાત છે દિવાળીની.

તમારા ચહેરા પર જ્યારે ખુશી છલકતી હોય છે.

ત્યારે અમારી દુનિયામાં ચિંતાના વાદળો ઘેરાઈ જાય છે.

*I tell you one secret.*

**તમને જે અવાજ સંભળાય છે,**

**એ અમને વીશગણો સંભળાતો હોય છે.**

*Now imagine*

તમારા રસ્સી બૉંબ અને લક્ષ્મી બૉંબ

અમારી કેવી દશા કરતાં હશે ?

**આ ધ્વનિપ્રદૂષણ અને વાયુપ્રદૂષણમાં**

**તમને શું મજા આવતી હશે,**

**એ જ અમને તો નથી સમજાતું.**

**Please**

કદાચ તમને મજા આવતી પણ હોય,

તો ય અમારા પર આટલી દયા કરો ને ?

અમારાથી બિલ્કુલ સહન થતું નથી.

કોઈ કાનમાં ખીલ્લા ઠોક્યા કરતું હોય

એવી વેદના મને એક એક ધડાકે થઈ રહી હતી.
મને ગુસ્સો આવી ગયો.
હું ભસ્યો,
તો તમે મને પથ્થરો માર્યા
મારા પેટની ડાબી સાઈડમાં ઘા પડી ગયો.
મને ખૂબ દુઃખતું હતું.
મારી આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં.
ને ફરી મોટા મોટા ધડાકાઓ ચાલુ થયાં.
હવે હું બિલ્કુલ સહન કરી શકું તેમ ન હતો.
પણ હું શું કરું ?
દુભાતે હૈયે હું ત્યાંથી થોડો આગળ ગયો.
પણ ત્યાં બીજી ટોળકી આ જ કામ કરી રહી હતી.
મને તો ખબર પણ નહીં.
મારી નજીક જ અચાનક ધડાકો થયો.
**હું દાઝીને કરુણ ચીસો પાડવા લાગ્યો**
**ને એ આખી ય ટોળકી જોર જોરથી હસવા લાગી.**
એ લોકો પોતાના રાક્ષસી આનંદને માણવા માટે
કદાચ ફરીથી જાણી જોઈને આવું કરી શકે,
એનો મને ખ્યાલ આવી ગયો.
હું જરા ઝડપથી ત્યાંથી આગળ ચાલ્યો
ત્યાં તો એ નવા વિસ્તારના ત્રણ-ચાર કૂતરાઓ
ધસમસતા આવ્યા ને મારા ઉપર તૂટી જ પડ્યા.

**એક કૂતરાએ સીધું ત્યાંજ બટકું ભર્યું**
**જ્યાં મને પથ્થરનો ઘા થયો હતો.**
હું દર્દનાક ચીસ પાડી ઉઠ્યો.
અત્યારે મારી સ્થિતિ એ હતી કે એ વેદનાને ભૂલીને
એ યમદૂત જેવા જાતભાઈઓથી બચવા પર
મારે પૂરું ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું.
પણ
હું જ્યાં જાઉં ત્યાં મોત જ હતું.
**ઓ માનવો !**
**થોડી તો દયા ખાઓ.**
**શા માટે અમને આટલા દુઃખી કરો છો ?**

*  *  *  *  *

મારું નામ તમે ગાય પાડ્યું છે.
સાંભળ્યું છે કે તમે મને ભગવાન જેવી સમજો છો.
ક્યાંક ક્યાંક તમે મારી જાતબહેનોને બાંધી હોય છે.
પછી તમે ઘાસ લઈને ઊભા રહો છો.
જે તમને પૈસા આપે એને તમે થોડું ઘાસ આપો.
ને પછી એ તમારા ભાઈ-બહેનો બહુ પ્રેમથી
મને ઘાસ ખવડાવે છે.
આ સિવાય ગોશાળા-ડેરીમાં ય તમે અમને બાંધો છો
અમારું દૂધ પીવો છો ને વેંચો છો.

સાંભળ્યું છે કે એટલે જ તમે અમને **માતા-ગૌમાતા**
એવું પણ કહો છો.
સવાલ એ છે કે વર્ષમાં અમુક દિવસોમાં તમે આટલા બધાં
ખૂંખાર કેમ બની જાઓ છો ?
એક પાગલ પણ ન કરે એવા કામો કેમ કરો છો ?
ને તમારા એ કામોથી અમારા પર શું વીતે છે,
એની તમને ખબર છે ?
અમારી મશ્કરી કરનારા અમારી કતલ કરે,
એ તો સમજાય છે.
પણ અમારા ભક્ત કહેવાતા, અમારા પુત્ર કહેવાતા
અને અમારી દયા ખાનારા
જ્યારે અમારી આ **અલગ પ્રકારની કતલ** કરે છે,
ત્યારે અમે જીવતે જીવ મરી જઈએ છીએ.
પ્લીઝ, મારા દીકરાઓ !
થોડા શાંત થાઓ, થોડા ડાહ્યા થાઓ.
પ્લીઝ
**તમારી 'મા' ને આ રીતે મારી ના નાંખો.**

* * * * *

તમારી ચિનગારીથી
જે બળીને ખાખ થઈ ગયું,
એ અમારું પંદર દિવસનું **ભોજન** હતું.

* * * * *

તમારા ધડાકાઓથી
જે ભય વિહ્વળ થઈ ગયું
એ અમારું નાજુક **હૃદય** હતું.

*   *   *   *   *

તમારા દારૂગોળાના કચરાવાળાં
ભોજને જ્યાં કેન્સર નોતર્યું,
એ અમારું **પેટ** હતું.

*   *   *   *   *

તમારા ધડાકાઓથી ગભરાયેલીએ
જે અપંગને જન્મ આપ્યો
એ અમારું **બચ્ચું** હતું.

*   *   *   *   *

તમારા અંગારાઓએ
જ્યાં ભયંકર ડામ દીધા
એ અમારી **ચામડી** હતી.
*We ask*
*why ?*
*But Why ?*
**આખરે શા માટે ?**

*   *   *   *   *

અડધી રાત સુધી
ડાળ પર બેઠાં બેઠાં હું ધ્રુજતો રહ્યો.
ક્યારેક આ ડાળ પાસે ધડાકો થાય તો
ઓલી ડાળ પર
ને ત્યાં અંગારા પડે તો પેલી ડાળ પર.
પછી ઉજાગરાથી મને જરા ઊંઘ આવી ગઈ.
હજી થોડી જ વાર થઈ હશે,
ત્યાં તો ખૂબ જ મોટો ધડાકો થયો.
હું સંતુલન ગુમાવીને ડાળ પરથી નીચે પડ્યો.
ત્યાં જ કોઈએ મારા પર તરાપ મારી.
સવારે મારા પીંછા પાસે બે-ત્રણ જણ ઊભા હતાં.
વૉચમેન એમને કહેતો હતો,
**"બિલાડીએ કબૂતરને મારી નાંખ્યું."**
**(?)**

* * * * *

મેં એમને ઘણા મનાવ્યા
હાથ જોડ્યાં.
પણ તેઓ ન માન્યાં.
ખુદ મારો પૌત્ર પણ તેમની સાથે જોડાયેલો હતો.
એણે ય મારો પક્ષ ન લીધો.
એટલું જ નહીં
ઉલ્ટું એ મારા પર વીફર્યો.

ન બોલવાના શબ્દો બોલ્યો.

મારી આ સ્થિતિમાં ય મારી દયા ન ખાધી.

હજી તો બાય-પાસ ઑપરેશન થયું છે.

ને એક એક ધડાકે છાતીમાં શૂળ જેવી વેદના થાય છે.

ભલે મારા બેટા !

**મુજ વીતી તુજ વીતશે.**

*    *    *    *    *

જુઓ,

તમારા કાનના પડદાંને ઈજા પહોંચી છે.

એક નાનું ઑપરેશન કરવું પડશે.

અ...ને

આમ તો ઑપરેશન જોખમી નથી.

પ...ણ

માથાનો ભાગ છે

અને મગજ નજીક છે

એ...ટ...લે

ખર્ચ ?

બહુ નહીં આવે.

**અને એડવાન્સમાં તો ફક્ત ત્રણ લાખ જ આપવા પડશે.**

મેડીક્લેમ નથી ?

એમાં હું શું કરું ?

ના, અમારે ત્યાં *Fixed Rate* છે.

ના,

ફક્ત બ્લાસ્ટને કારણે ઍક્સીડન્ટ નથી થયો.

ગભરાટને કારણે સંતુલન ગુમાવવાથી બાઈક આખી

ફેંકાઈ ગઈ ને પાછળથી ખટારો આવતો હતો,

એટલે ઍક્સીડન્ટ થયો છે.

ઍણે ધ્યાન રાખવું જોઈએ,

**ઍની ભૂલથી એ મરી ગયો.**

હવે એમાં મારો જીવ

કેમ ખાઓ છો ?

*        *        *        *        *

જુઓ

એના મોઢાનો ભાગ ૮૦% દાઝી ગયો છે.

**હવે એ જિંદગીમાં કદી જોઈ નહીં શકે.**

વાળ બળી ગયાં, એમાં

મગજ ઉપર પણ અસર પહોંચી છે.

અમે અમારાથી બનતા પ્રયત્નો કરીએ જ છીએ.

પણ હવે એ ભાનમાં આવશે

કે પછી...

તમે ચિંતા નહીં કરો

ભગવાન બધું સારું કરશે.

*        *        *        *        *

બૉસે કહેલ,
'આ દિવાળીમાં રજા નહીં મળે.'
એ કામ પર જતો હતો.
બરાબર એની ગાડીની નીચે જ ધડાકો થયો
પેટ્રોલ લીક થયું હશે કે કેમ, ભગવાન જાણે,
સ્પીડ તો હતી જ.
**આખી ગાડીએ આગ પકડી લીધી**
આગળ રસ્તો ટર્ન લેતો હતો. ત્યાં ડિવાઈડર સાથે
ગાડી જોરથી અથડાઈ
લોકો જોવા ભેગા થયાં.
બંબાવાળા આવ્યા ત્યાં સુધીમાં
અમારું આખું ભવિષ્ય બળીને ખાખ થઈ ગયું હતું.
**ઓ ફટાકડા ફોડનારાઓ !**
આ તમારી દિવાળીમાં અમારી હોળી થઈ ગઈ.

* * * * *

ટિશર્ટે આગ પકડી લીધી.
છોકરો ચીસો પાડતાં દોડ્યો,
મમ્મી... મમ્મી... મમ્મી...
એની મમ્મી ઝપાટાભેર દોડી...
સાડીના છેડાથી આગ બુઝાવવા જતાં
એની સાડીએ જ....

લોકોએ બાલદીઓની બાલદીઓ રેડી.
પણ ત્યાં સુધીમાં થોડું મોડું થઈ ચૂક્યું હતું.
'ખબરદાર છે કોઈએ ફટાકડા ફોડ્યા છે તો.'
આવી
'રાંધ્યા પછીના ડહાપણ જેવી' ત્રાડથી
આખી સોસાયટીમાં સોંપો પડી ગયો.
હોસ્પિટલમાંથી બીજા દિવસે
**બંને ડેડ-બૉડીઓ કંપાઉન્ડમાં હાજર થયાં.**
ત્યારે બારીઓમાંથી ડોકાતી આંખોમાં
'કા....શ'
તગતગી રહ્યું હતું.

* * * * *

બેટા !
તું નાનો હતો ને ?
ત્યારે દિવાળીમાં કંપાઉંડમાં રમવા ગયેલ.
અગરબત્તીથી ફટાકડાને ચાંપનાર તો દૂર ખસી ગયેલ
પણ તું તેની બહુ નજીક જતો રહેલ.
ફટાકડો ફૂટ્યો
**ને તારી બંને આંખો....**
પણ બેટા ! તું ચિંતા ના કર, હો,
આ મારી આંખો એ તારી જ આંખો છે.

હું તને ખવડાવીશ,
તને નવડાવીશ,
તને રમાડીશ,
ને હું જીવીશ ત્યાં સુધી
મજૂરી કરીને પણ તને સાચવીશ હો બેટા !
તું જરા ય ચિંતા ના કરીશ.

*  *  *  *  *

એ ઘરમાં આગ કઈ રીતે લાગી ?
રૉકેટથી
ઘરમાં રૉકેટ છોડ્યું ?
ના,
છોડ્યું'તું તો સીધું જ
પણ
કોઈ ડિફેક્ટથી પછી ત્રાંસુ ગયું.
કોઈ નુકશાન ?
એ રૂમમાં એક માજી સૂતા'તા,
બિચારા, આમે ય અશક્ત હતાં,
જલ્દી નીકળી ન શક્યાં.
શું થાય ?

*  *  *  *  *

તમે અમને કીડા-મકોડા કહો છો,
બહુ ડિટેઈલમાં તમને નહીં ખબર હોય,
પણ અમારી ય લાખો જાતો હોય છે.
અમે વિરાટ કાયા વાળા પણ હોઈએ છીએ.
અને એકદમ **માઈક્રો-ડોટ** જેટલા પણ હોઈએ છીએ
તમારી આજુ-બાજુ જ ઝીણાં ઝીણાં અમે ઘણા હોઈએ છીએ.
તમને ખ્યાલ નથી હોતો,
પણ તમારી હલન-ચલનથી, ચાલવા-દોડવાથી,
વસ્તુઓ લે-મુક કરવાથી
ઘણી ઘણી વાર અમે કચડાઈ જઈએ છીએ,
ને એમાં ય
**જ્યારે તમે દિવાળી મનાવો છો**
**ત્યારે અમને જીવતાં સળગી જવાની સજા થાય છે.**
તમાર ફૂલઝડી
તમારી ચકરડી
તમારા ભંભુ
તમારા બોમ્બ્સ
આ બધાં ય
અમારી ચિતા હોય છે.
તમને ખબર હોય, કે ન હોય, પણ એ
હકીકત છે કે
**તમારો પરિસર અમારો સ્મશાનઘાટ બની જતો હોય છે.**

* * * * *

માનવો !

તમને કદાચ ખ્યાલ હશે.

તમારા કેટલાક વિજ્ઞાનીઓએ એવું સંશોધન કર્યું છે

કે અમારી કીટસૃષ્ટિ પણ તમારા જીવનમાં ઉપયોગી છે.

તમારા સુગમ જીવનમાં અમારું પણ યોગદાન છે.

કદાચ

આવનારા વિજ્ઞાનીઓ

આ પણ પ્રમાણિત કરી આપશે

કે **'સહુના સુખમાં મારું સુખ.**

બીજાને સુખ આપનાર સુખી બનશે,

બીજાને દુઃખ આપનાર દુઃખી બનશે.'

અલબત્ત

તમે જેમની પૂજા કરો છો,

તે ભગવાનો તો હજારો વર્ષ પહેલાં જ

આ સત્ય કહી ગયા છે.

***In short***

જો સુખી થવાની ઈચ્છા હોય,

તો આ રીતે બિનજરૂરી ફોગટ વ્યર્થ

બીજાને ત્રાસ આપવાનું છોડી દો ને ?

***PLEASE.***

* * * * *

સ્વજનો, પડોશીઓ, પશુ-પંખીઓ
અને કીટસૃષ્ટિને ભયંકર ત્રાસ આપીને
કેટકેટલાને મોત સુધીની વેદના આપીને
પોતાની જાત સુદ્ધાનું જાનનું જોખમ વહોરીને
પર્યાવરણની ક્રૂર કતલ કરીને
વધારાનો કચરો પેદા કરીને
સાવ જ બિનજરૂરી
પૈસાનો ધુમાડો કરવો,
એમાં કયું શાણપણ ?
કઈ બુદ્ધિમત્તા ?
કઈ હોંશિયારી ?
અરે
આમાં આનંદ પણ કયો ?
*My dears,*
*Please, open your mind.*
**ક્યાં સુધી આવી ને આવી દિવાળી રમીને**
**તમે** *Fool* **બનતાં રહેશો ?**

*    *    *    *    *

*Do you know ?*

દિવાળીના દિવસોમાં ફટાકડાઓનો જે ધુમાડો થાય છે.

એ ધુમાડો ન થાય, તો એટલા પૈસાથી તો

કેટકેટલા ગરીબોની આંખોના આંસુ લૂંછી શકાય છે

કેટકેટલા આપઘાતોને ટાળી શકાય છે.

કેટકેટલા પશુ-પંખીઓની આંતરડીને ઠારી શકાય છે.

*Please tell me*

**દર વર્ષે થતો અબજો રૂપિયાનો આ ધુમાડો**

**એ તે દુઃખી જીવોની ક્રૂર મશ્કરી નથી ?**

એક માનવ તરીકે

આપણને આ શોભે ખરું ?

* * * * *

*My Dear !*

તું એક રણની કલ્પના કર,

બે માણસ એમાં પાણીની શોધ કરી રહ્યા છે.

બંને તરસ્યા છે, પરસેવે રેબઝેબ છે.

ખૂબ મહેનત પછી તેમાંથી એક જણને પાણી મળ્યું.

ચાર ગ્લાસ જેટલું,

ગટાગટ ગટાગટ એ પીતો ગયો.

ત્રણ ગ્લાસ પાણી પીને એ ધરાઈ ગયો,

બીજો માણસ ત્યાં આવી પહોંચ્યો.

પાણીનો ગ્લાસ જોઈને એની તરસી આંખોમાં ચમક આવી ગઈ.
એને આશા છે, કે આ બચેલું પાણી એને મળશે.
ત્યાં તો
પેલા માણસે એ ગ્લાસ રણની રેતીમાં ઢોળી દીધો.
**એ ગ્લાસ,**
**જે ઓલાનું જીવન બની શકતો હતો.**
*My dear !*
*tell me.*
તું એ માણસને કેવો કહીશ ?
ક્રૂર
નિષ્ઠુર
સ્વાર્થી
પાપી
હત્યારો
*Well*
*Think well*
**ફટાકડા ફોડનારાઓની દશા પણ**
**આવી જ નથી ?**
*Please*
*Think well.*

* * * * *

પહેલી વાત તો
એ છે કે
અમારે ય પરિવાર છે.
અમારું ય વતન છે.
દિવાળીમાં રજા માણવાના
અમારા ય સપના હોય છે.
રજાની વાત તો દૂર રહી,
ઉપરથી ફટાકડાંઓનો વધારાનો કચરો
**એને સાફ કરતાં કરતાં અમારા હાથ**
**કેટલાં દુઃખી જતાં હોય છે.**
**એની તમને શું ખબર પડે ?**
તમે અમને **અભણ** કહો છો, **પછાત** કહો છો,
તો અમને એટલો જવાબ આપો,
કે આ રીતે સોસાયટીમાં, રોડ પર, ચાર રસ્તે
જ્યાં ને ત્યાં ગમે તેમ
ફટાકડાં ફોડી ફોડીને વેસ્ટ કચરો છોડી દેવો
એને **શિક્ષિતતા** અને **સભ્યતા** કહેવાય ?

*        *        *        *        *

એક શ્લોક કહીશ તો હું તમને તરત યાદ આવી જઈશ

**या कुन्देन्दुतुषारहारधवला...**

*Well,* તમે મને ઓળખી લીધી. હું છું તમારી ભગવતી,

ઘણી સ્કુલોમાં મારી પ્રાર્થના કરવામાં આવે છે.

મારી મૂર્તિઓ અને ચિત્રો રાખવામાં આવે છે.

*I know,*

શાળામાં શ્રેષ્ઠ પરિણામ મળી શકે એવો તમારો આશય હોય છે.

આજે તમને એક *Secret* કહેવું છે.

જેમ મારી મૂર્તિ, મારું ચિત્ર કે મારું નામ એ મારું પ્રતિક છે,

બરાબર એ જ રીતે

**દુનિયાની કોઈ પણ ભાષાનો કોઈ પણ અક્ષર પણ**

**મારું પ્રતિક છે.**

**બીજા શબ્દોમાં કહું, તો એ હું જ છું.**

સંસ્કૃત શબ્દ કોષ જોજો.

એમાં લખ્યું છે -

**વાણી ભાષા સરસ્વતી**

આ બધાં મારા પર્યાય-શબ્દો છે.

દિવાળીના દિવસોમાં સવારે સાત વાગે તમારા રસ્તાઓ પર

હું જેમ-તેમ વીખરાયેલી અપમાનિત હાલતમાં

જ્યાં ને ત્યાં પડી હોઉં છું.

કેટકેટલાનાં ચંપલ નીચે, બૂટ નીચે, ટાયર નીચે,

હું કચડાતી ને ચગદાતી હોઉં છું.

**કાગડાં ને કૂતરાં ય મારી ઉપર ગંદકી**
**કરી જતાં હોય છે.**
પછી તો મને નાંખવામાં આવે છે કચરાટોપલીમાં
ને ત્યાંથી... જવા દો... આ બધી
સ્મૃતિઓ ય મને ત્રાસ આપે છે.
મારી વાત આટલી જ છે.
તમારા સ્વહસ્તે મને સળગાવીને, મારી દુઃખદ દશા કરીને
પછી તમારો *Mind power* વધે, *Money power* વધે
કે *Exam* માં અપેક્ષિત પરિણામ આવે,
એવી આશા રાખવી...
એ શેખચિલ્લીના સપનાં જ નહીં બની જાય ?
*My son !*
જ્ઞાનનો, જ્ઞાનદાતાનો, અને જ્ઞાનના સાધનોનો
આદર કરીશ, તો એ મારો જ આદર ગણાશે.
કાગળનો કે અક્ષરનો આદર એ મારો જ આદર છે.
*I hope*
આ દિવાળીએ તું આવી મૂર્ખામી નહીં જ કરે.
પણ
વિનયી બનીશ, વિવેકી બનીશ.
અને મારો - મારા પ્રત્યેક સ્વરૂપનો આદર કરીશ.
*Well done my son !*
*My blessings will be always with you,*
*wish you all the best.*

*What says sound science ?*

એક ધ્વનિવિજ્ઞાન છે.

પ્રાચીન... ખૂબ પ્રાચીન છે એ.

આધુનિક વિજ્ઞાન પણ એના પર ફિદા ફિદા છે.

એ એમ કહે છે

કે સાઉન્ડમાં અજબ ગજબની શક્તિ છે.

સાઉન્ડથી ડાયમન્ડ બ્રેક થઈ શકે છે.

સાઉન્ડથી જટિલ રોગોની ટ્રીટમેન્ટ થઈ શકે છે.

સાઉન્ડથી પાગલપણું, ટેન્શન, ડિપ્રેશન મટી શકે છે.

આ દરેક વાતના સફળ પ્રયોગો થઈ રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિના પ્રાચીન રાગોમાં

અજબ-ગજબની સિદ્ધિઓ રહેલી છે.

**ભૈરવી-માલકૌંસ-ભીમપલાશ-કેદાર-દીપક-મેઘમલ્હાર**

**આ એક એક રાગોમાં એવી અદ્‌ભુત શક્તિઓ છે**

**જે કુદરત ઉપર, સજીવ શરીર ઉપર અને**

**મન ઉપર ચોક્કસ અસર પાડીને રહે છે.**

શરત એટલી કે એ રાગોને શાસ્ત્રીય શુદ્ધિ સાથે

ગાવા, કે વગાડવામાં આવે.

સાઉન્ડ સાયન્સની સેકન્ડ (બીજી) સાઈડ એ છે

કે અશાસ્ત્રીય રાગો, બેહુદા તાલો, મારફાડ મ્યુઝિક્સ

ને કાન ફાડી નાંખે એવા ધડાકા-ભડાકાઓ

આ બધું કુદરત ઉપર, સજીવ શરીર પર અને મન પર

ખરાબ અસર પાડીને રહે છે.

કેટલીય કુદરતી આફતો અને શારીરિક-માનસિક રોગો
એ લવરાત્રિઓ, ડિસ્કો ડાન્સ બાર, ડિ.જે. મ્યુઝિક
અને ફટાકડાઓની પેદાશ છે.
એ સત્ય સમજી શકશો ત્યારે ખરેખર ચોંકી જશો.

* * * * *

## *What says God Mahavir ?*

કરુણાસાગર ભગવાન શ્રી મહાવીર કહે છે દ્ર

**विसप्पं सव्वओधारं, बहुपाणीविणासणं।**
**णत्थि जोइसमं सत्थं, तम्हा जोइं ण दीवए।।**

**- श्री उत्तराध्ययन सूत्र**

બીજા શસ્ત્રો સ્થિર રહે છે.
અગ્નિ એક એવું શસ્ત્ર છે, જે આગળ વધતું જાય છે.
બીજા શસ્ત્રોને એક જ બાજુ ધાર હોય છે.
અગ્નિને ચારે બાજુ, ના, બલ્કે સર્વ બાજુ ધાર હોય છે.
ખૂબ જીવોનો વિનાશ કરી દેવો
એ અગ્નિ માટે સાવ જ સહજ વાત છે.
વત્સ !
અગ્નિ જેવું બીજું કોઈ જ શસ્ત્ર નથી.
**તું દયાળુ બનજે.**
**તારા હૃદયને કોમળ બનાવજે.**
અને આગ નહીં પેટાવતો.

* * * * *

## The call of Krishna

શ્રી ભગવદ્ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે -

**पृथिव्यामप्यहं पार्थ ! वायावग्नौ जलेऽप्यहम् ।**
**वनस्पतिगतश्चाहं, सर्वभूतगतोऽप्यहम् ।।**
**यो मां सर्वगतं ज्ञात्वा, न च हन्यात्तु कश्चन ।**
**तस्याहं न प्रणश्यामि, स च मां न प्रणश्यति ।।**

હે પાર્થ !
માટીમાં પણ હું છું.
પવનમાં, અગ્નિમાં અને પાણીમાં પણ હું છું.
વનસ્પતિમાં પણ હું છું અને દુનિયાના બીજા પણ
**દરેકે દરેક જીવોમાં હું છું.**
હું સર્વગત છું, એમ સમજીને જે કોઈ પણ જીવને
મારતો નથી.
એના પર મારી કૃપા હંમેશા વરસતી રહે છે.
એ હંમેશ માટે મારો પ્રિય ભક્ત
બની રહે છે.

* * * * *

## પયગંબર સાહેબનો સંદેશ

હજરત મહંમદ પયગંબર સાહેબે કુરઆનમાં કહ્યું છે
અલ્લાહ રહીમ છે
એ દયાળુ પર દયા કરે છે.
જે ધરતી પર છે એના પર તમે દયા કરો.

જે આસમાન પર છે એ તમારા પર દયા કરશે.

**ખુદાતાલા**

**એક પરિંદા ઉપર પણ**

**એક રત્તીભર જેટલો પણ**

**જુલમ સહન કરતાં નથી.**

જે નેકી અને ભલાઈના કામો કરશે

એનું ફળ એના માટે છે

અને

જે જુલમ કરશે એનું ફળ પણ

એને મળશે.

નિરસ્સંદેહ

અલ્લાહ જલ્દી હિસાબ લેવાવાળા છે.

*    *    *    *    *

**ઈશુ ખ્રિસ્તનો ઈશારો**

તું

કોઈ પણ જીવની

કદી પણ હત્યા નહીં કરતો.

- પવિત્ર શાસ્ત્ર (બાઈબલ)

*    *    *    *    *

*Let's celebrate a different*

# DIWALI

## હવેની દિવાળીમાં શું કરવું ?

*There are so many good ideas.*

(૧) આ *Book* ની તમે ખરીદી શકો એટલી નકલો ખરીદો. અને *Free or cost to cost* એનું *Distribution* ચાલું કરી દો. એ ન ફાવે તો આ *Book* ની વાતને તમે મૌખિક રીતે *Spread* કરવાનું ચાલું કરી દો. એક *Target* બનાવો. આ દિવાળીમાં તમે ૨૫/૫૦/૧૦૦/૨૦૦ જણને ફટાકડાં ન ફોડવા માટે *Convince* કરી દેશો. કેટકેટલા જીવોને જે સુખ-શાંતિ મળશે, એનો તમને જે આત્મસંતોષ થશે, **એનાથી તમે ખુદ કહેશો, કે આવો આનંદ તો કોઈ દિવાળીમાં આવ્યો નથી.**

(૨) દિવાળી વેકેશનના આગલા દિવસે સ્કુલ-કોલેજોમાં પ્રબુદ્ધ વક્તા દ્વારા આ વિષયનો **સેમિનાર** ગોઠવો.

(૩) તમારા અને તમારા પડોસીઓના સંતાનોને પ્રેમથી આ બધી વાત સમજાવો. ફટાકડા ન ફોડવા માટે તેમને *special gift* આપો.

(૪) તમારા સંતાનોના હાથે સોસાયટીમાં, ગરીબ-વિસ્તારમાં, ભિખારીઓને અને પશુ-પંખીઓને દૂધ-કેળાં-મિઠાઈ વગેરે ખાદ્ય-પેય સામગ્રીનું **વિતરણ** કરાવો. તેનાથી તેમનામાં

પ્રેમ, ભાઈચારો અને કરુણાના સુંદર સંસ્કારો પડશે. તેમનું હૈયું કોમળ બનશે. તેમનો ગુસ્સો, લોભ, જીદ, અહમ્ વગેરે ઓછાં થશે. પરિણામે તેમનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનશે અને **આખા ઘરમાં પણ સુખ-શાંતિનું સ્વર્ગ ઉતરશે.** સંતાનોમાં સેવાના સંસ્કાર પડશે એટલે એ તમારી પણ સેવા કરશે. તમારે પાછલી જિંદગી વૃદ્ધાશ્રમોમાં નહીં વિતાવવી પડે.

* * * * *

એકલાં એકલાં મિઠાઈ ખાવી એ પાપ છે.
એનું પરિણામ સારું નથી.
માટે જ આપણે ત્યાં જુની કહેવત છે –
''એકલા એકલા ખાય એને ગાલ પચોળિયા થાય.''
ભેગા મળીને ખાવું એ સંસ્કૃતિ.
ભેગું કરીને ખાવું એ વિકૃતિ.
***Eat drink & be marry.***
એ વિકૃતિ.
***Feel friendship with whole the world.***
***Feed them & be marry.***
એ સંસ્કૃતિ.

પેટ અને ખિસ્સુ
આ બંને જેટલા હળવા રાખશો એટલા સુખી થશો.

* * * * *

'મમ્મી ! બધાં મિઠાઈ ખાય છે
મારે ય મિઠાઈ ખાવી છે.'
'હા બેટા ! હો, તને ચોક્કસ મિઠાઈ ખવડાવીશ.'
જમવાનો સમય થયો. થાળીમાં રોટલી પીરસાઈ,
બાળકે ભેંકડો તાણ્યો, થાળી પછાડી
'મને મિઠાઈ જોઈએ, રોટલી નહીં.'
'બેટા, આજે રોટલી ખાઈ લે, કાલે ચોક્કસ મિઠાઈ...'
'ના, મને આજે જ મિઠાઈ જોઈએ.'
'બેટા, આજે માની જા ને, કાલે...'
'ના, મને આજે જ મિઠાઈ....'
મા ઝૂંપડાના ખૂણામાં સાડીનો પાલવ ઢાંકીને રડે છે.
મનમાં વિચારોનું ધમસાણ ચાલે છે
બેટા ! તને શી રીતે સમજાવું ?
આપણે કાંઈ એવા શ્રીમંત નથી
કે બધાંની જેમ આપણે મિઠાઈ ખાઈ શકીએ
બેટા !
**આ ઘરમાં તો રોટલી પણ શી રીતે આવે છે,**
**એ અમારું મન જાણે છે.**
આ બધું હું તને કેવી રીતે સમજાવું ?
અહીં મા રડે છે
ખાટલા પર બેઠેલા પિતા રડે છે.
ત્યાં બાળકે ભેંકડો તાણ્યો છે.

*I say*

ખા-ખા તો આપણે આખી જિંદગી કરીએ છીએ.

આ દિવાળીએ મિઠાઈનો એક ટુકડો લઈને

આવા કોઈ ઝૂંપડામાં જજો.

એવા બાળકના મોઢામાં એ ટુકડો મુકજો.

ત્યારે એના ચહેરા પર જે ચમક આવશે,

એ જોઈને તમને જે ખુશી થશે,

તમને થશે

**કે**

**આવો આનંદ તો જીવનમાં ક્યારેય આવ્યો નથી.**

*Remember*

જે મજા બીજાને ખવડાવવામાં છે

એ જાતે ખાવામાં નથી.

જે મજા બીજાના આંસુ લૂંછવામાં છે

એ જાતે હસવામાં નથી.

જે મજા બીજાને વહેંચવામાં છે

એ ભેગું કરવામાં નથી

**બસ,**

**આટલી સમજ મને પરવરદિગાર દે**

**સુખ જ્યારે જ્યાં મલે ત્યાં બીજાનો વિચાર દે.**

*        *        *        *        *

*My dears !*

આપણા સંસ્કારો કહે છે -

**આંખ બને કરુણાની પ્યાલી**

**હૈયું ઝંખે સૌની ખુશાલી**

**એને ઘેર રોજ દિવાળી**

બાકી

આજે લાખો બાળકોની ગર્ભમાં જ હત્યા થઈ જાય છે.

કરોડો મરઘીઓ ક્રૂરતાથી રહેંસાઈ જાય છે.

અબજો ઈંડાઓ પર ભયાનક અત્યાચાર થાય છે.

કરોડો માછલીઓ તરફડીને મરી જાય છે.

લાખોના લાખો ઢોરો દર્દનાક રીતે કપાઈ જાય છે.

ફક્ત મેડિકલ રિસર્ચ માટે ૪ કરોડ, ૬૦ લાખ પશુઓને દર વર્ષે રિબાવી રિબાવીને મારી નાંખવામાં આવે છે.

ભારતના બે લાખ ગામડાં પીવાના પાણી માટે ટળવળે છે.

કરોડો લોકો રોજ રાતે ભૂખ્યા સૂઈ જાય છે.

કૃષિપ્રધાન આ દેશમાં દર વર્ષે ૧૬,૦૦૦ ખેડૂતો આપઘાત કરે છે.

**આ બધો વિચાર કરીએ તો**

**મિઠાઈનો ટુકડો કે દૂધનો ગ્લાસ પણ મોઢે લગાડી શકાય તેમ નથી.**

તમારું ચાલે તો આ અત્યાચારોને ખાળવા પ્રયત્ન કરજો.

એ ન બને

તો બીજાને આ કાર્ય કરવા માટે પ્રેરિત કરજો.

છેવટે કોઈની કબર ઉપર નાચવા જેવી

માત્ર ને માત્ર પોતાના જ સુખની પડી હોય
એવી સ્વાર્થી વૃત્તિથી તો દૂર જ રહેજો.

*  *  *  *  *

*My dears !*
*I know your calculation is very well*
*please count,*
તમારી પાસે કેટલાં જોડી કપડાં છે ? કેટલા જોડી પગરખાં છે ?
આ દિવાળીમાં તમે નવા કપડાં લો, એનો વાંધો નથી.
પણ જીવનમાં એક *Limit* બનાવો.
આટલાં જ *dress.* આટલાં જ *footware.*
એની ઉપરના જેટલા હોય એનું *Donation* કરો.
ના,
જુના કપડાંના વાસણ લેવા દ્વારા
*Charity* ની આ તકને ગુમાવી ના દો.
**આપણી માનવતા તો બીજાને નવા કપડાં આપીને**
**જાતે જુના કપડાં પહેરવાનું શીખવે છે.**
તો શું આપણે બીજાને જુના કપડાં સુદ્ધા નહીં આપીએ ?
ને એવું કરશું, તો શું આપણે માનવ કહેવાઈ શકશું ?
*I know you are not poor.*
કદાચ એવું હોય, તો ય, તમારા શોખના ખર્ચમાંથી ય
કોઈનો કાંઈક ભાગ રાખજો.
**જે બીજાનો ભાગ રાખે છે. તે ભાગ્યશાળી થાય છે.**

## લક્ષ્મીપૂજન

**લક્ષ્મી કહે છે -**

પૂજનથી હું વધું કે ન વધું

પણ

પ્રેમ અને કરુણાથી હું જરૂર વધું છું.

**મારું પૂજન એ તમે કરેલો મારો વિનય છે**

**જ્યારે જીવદયા એ તમે કરેલું મારું વશીકરણ છે.**

**હું દયાળુની દાસી છું.**

એને ત્યાં મારી રેલમછેલ હોય છે.

બાકી

જે પાપીઓ છે

તેઓ કઈ રીતે મને ભેગી ય કરી લે

તો ય તેઓ મારો ઉપયોગ કરી શકતાં નથી.

**હકીકતમાં તેઓ મારા માલિક નહીં,**

**મારા વૉચમૅન હોય છે.**

* * * * *

*The secret of a lot of wealth*

લક્ષ્મીના રહસ્યજ્ઞો કહે છે દ્ર

**न्याय एवार्थाप्त्युपनिषत् परा ।**

લક્ષ્મીની પ્રાપ્તિનું પરમ રહસ્ય છે

નીતિમત્તા.

**अतो हि प्रतिबन्धककर्मविगमः।**

લક્ષ્મીને પામવામાં જે વિઘ્નો છે

તેમનું નિવારણ નીતિમત્તાથી થાય છે.

પરિણામે અવશ્ય સંપત્તિ મળે છે.

**अतोऽन्यथाऽपि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो**

**निःसंशयस्त्वनर्थः।**

નીતિમત્તાને છોડીને લક્ષ્મી પામવાનો પ્રયાસ કરાય

તો લક્ષ્મી મળે એ નક્કી નથી

પણ આફતો આવે એ નક્કી છે.

**निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः।**

**शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः॥**

તળાવ ને સરોવર ભરેલાં છે

તો દેડકાંઓ ને પંખીઓ આવવાના જ

જે સત્કાર્યો કરતો રહે છે.

તેની પાસે બધી જ સંપત્તિઓ

વિવશ બનીને આવવાની જ.

* * * * *

*Know the black money*

કાળા નાણા એક પ્રકારના ટાઈમ બોમ્બ જેવા છે.

એમનો સમય પાકે ત્યારે એ તો નાશ પામે જ છે.

સાથે સાથે સર્વનાશ પણ કરતાં જાય છે.

**अन्यायोपार्जितं वित्तं, दश वर्षाणि तिष्ठति ।**
**प्राप्ते चैकादशे वर्षे, समूलं तद् विनश्यति ।।**

અનીતિથી ભેગું કરેલું ધન
બહુ બહુ તો દશ વર્ષ સુધી રહેશે
જ્યારે અગિયારમું વર્ષ આવશે
ત્યારે
એ ધન તો જશે જ
સાથે સાથે મૂડીને પણ લેતું જશે.

* * * * *

***Do you know ?***

આજે દુનિયાના લાખો શ્રીમંતોની શી દશા છે ?
શરીર ખોખલું થઈ ગયું છે.
મન ચિંતામાં ડુબેલું રહે છે.
ભૂખ લગાડવા, ભોજન પચાવવા, હાજતે જવા અને
સૂવા માટે ટેબ્લેટ્સ લેવી પડે છે.
પત્ની ખોટે રસ્તે જાય છે.
દીકરી કોઈની સાથે ભાગી ગઈ છે.
દીકરો સામું જોવા ય તૈયાર નથી.
મોટા મોટા બંગલાઓ સ્મશાન જેવા ભેંકાર લાગે છે.

**અમે કમાયા શું ?**

આ પ્રશ્નનો તેઓ આખી જિંદગી જવાબ શોધતા રહે છે.

હૈયાહોળી કરતાં રહે છે.

ને છેવટે

હાય હાય કરતાં રામશરણ થઈ જાય છે.

આ બધી જ દુર્દશાના મૂળમાં તેમણે કમાયેલા

કાળા નાણા હોય છે.

*   *   *   *   *

## *WHO IS RICH ?*

ભૂખનું અને ઊંઘનું સુખ એક પશુને પણ સુલભ હોય છે.

પ્રેમનું અને પરિવારનું સુખ એક ગરીબને પણ હાથવગું હોય છે.

એક મજૂર પણ મસ્ત તંદુરસ્તીનો માલિક હોય છે.

એક ભિખારી પણ ફૂટપાથ પર મજેથી

સૂઈ જતો હોય છે.

*My dears !*

**જેમનું આ બધું જ લૂંટાઈ ગયું છે**

**એમને શ્રીમંત કહેવાય ?**

ગરીબ કહેવાય ?

કે ભિખારી કહેવાય ?

**Please think well.**

*   *   *   *   *

*My dears !*

*I know*

જીવન જીવવા માટે લક્ષ્મી જરૂરી છે.

પણ લક્ષ્મી મેળવવા માટે ખોટા કામ કરવા જરૂરી નથી.

**તમે સંતોષી બની શકો તો તમે શ્રીમંત જ છો.**

ગરીબ એ નથી

જેની પાસે ઓછું છે.

ગરીબ એ છે જેને ઘણું બધું જોઈએ છે.

**स तु भवतु दरिद्रो यस्य तृष्णा विशाला**

**શેક્સપિયરે** પણ કહ્યું છે

*A poor & content*

*is rich & rich enough.*

એક ગરીબ અને સંતોષી

એ શ્રીમંત છે અને પર્યાપ્ત શ્રીમંત છે.

*In short*

તમારે ગરીબ થવું કે શ્રીમંત થવું,

એ ભાગ્યને આધીન નથી,

એ સંયોગને આધીન નથી,

એ મંદીને કે તેજીને આધીન નથી,

પણ

**એ તમારા હાથની વાત છે.**

ખરેખર.

* * * * *

**લક્ષ્મીપૂજન કરતાં કરતાં**

એટલી પ્રાર્થના જરૂર કરજો કે

હે લક્ષ્મીદેવી !

અમને એટલાં આશીર્વાદ આપજો

કે અમે તમને સમ્માન સાથે મુખ્ય દરવાજેથી ઘરમાં લાવીએ.

પણ તમારું મોઢું કાળું કરીને પાછલા બારણેથી ન લાવીએ.

**આપને સમ્માનિત કરશું**

**તો અમારે લીલાલહેર થશે**

ને અપમાનિત કરશું

તો કાળો કેર થશે.

બસ,

તમારા બાળની આ સદ્બુદ્ધિ હંમેશા અકબંધ રહે

એટલી કૃપા કરજો.

*THE TOP SECRET*

**श्रीर्मङ्गलात् प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्धते ।**

**दाक्ष्यात्तु कुरुते मूलं, संयमात् प्रतितिष्ठति ॥**

લક્ષ્મી આવે છે **મંગળથી,**

વધે છે **સાહસથી,**

સ્થિર થાય છે **કુશળતાથી,**

અને

પ્રતિષ્ઠા પામે છે **સંયમથી.**

*        *        *        *        *

## 卐 ચોપડાપૂજનની સાથે સાથે 卐

મહાપુરુષોના મંગળ વચનોથી
જે ચોપડાને પાવન અને પવિત્ર કર્યો,
એ ચોપડાને કાળા-ધોળાથી કાબરચીતરો
નહીં જ કરીએ,
એવો સંકલ્પ કરજો.

*　　*　　*　　*　　*

## ચોપડાનું રહસ્ય

આપણી પાસે કોઈનો હરામનો એક પૈસો ય ન આવી જાય,
એવી સંવેદના એ ચોપડાનું રહસ્ય છે.
ગૃહસ્થધર્મના પાલન માટે
આપણે જે પૈસો લઈએ એ આપણા હકનો જ લઈએ,
એ ચોપડા રાખવાનો ઉદ્દેશ્ય છે.
આપણા પૂર્વજોએ કદી પણ બે જાતના ચોપડા રાખ્યા નથી.
એમાં તો ચોપડા રાખવાનો મૂળ ઉદ્દેશ્ય જ મરી જાય છે.

આપણા સંસ્કાર કહે છે -
**તરસે મરી જજો**
**પણ અનીતિની પરબે પાણી ના પીતાં.**

*　　*　　*　　*　　*

# નૂતન વર્ષાભિનંદન

હકીકતમાં માણસ
સિત્તેર વર્ષ નથી જીવ્યો હોતો
પણ
એકનું એક વર્ષ સિત્તેર વાર જીવ્યો હોય છે.
જીવનમાંથી દોષોની ગંદકી દૂર થાય
અને સદ્‌ગુણોની સુવાસ પ્રસરે,
તો નવું વર્ષ છે.

ગઈ કાલ કરતાં આજે આધ્યાત્મિક વિકાસ અનુભવાય
તો નવું વર્ષ છે.

માથે *Ice factory*
અને જીભમાં *Sugar factory* આવી જાય
તો નવું વર્ષ છે.

જાતને બદલે જગત માટે જીવવાનું મન થાય,
તો નવું વર્ષ છે.

બાકી
આપણે જો એવા ને એવા હોઈએ
તો કાર્ડોના ઢગલાઓ કે S.M.S. ના મારાઓ
આપણને નવું વર્ષ આપી શકવાના નથી.

ચાલો,

આ વર્ષે આવું કાંઈક કરીને બતાવીએ.

આ વખતે ખરી દિવાળી ને ખરું નૂતન વર્ષ ઉજવીએ.

આ વખતનો આનંદ ખરેખર અપૂર્વ હશે.

અદ્‌ભુત અને અનુપમ હશે.

આપણું હૈયું હિલોળે ચડ્યું હશે,

ને

આપણો રોમ રોમ આપણને કહેતો હશે -

# નૂતન વર્ષાભિનંદન



## *THANKS*

તમને કોઈ વાત ખાટી કહી છે

કોઈ તીખી

તો કોઈ કડવી પણ કહી છે.

આશય એટલો જ છે,

કે

**તમારું જીવન સુમધુર બને.**

કહેવત છે ને,

**‘કડવી દવા મા પાય.’**

એક સાચો મિત્ર જ

તમારા હિતની વાત કરતો હોય છે.

છતાં જો મન દુભાયું હોય,

તો આ મિત્રને માફ કરજો.

**Thanks.**

# સદા મગન મેં રહના

**A Divine dive in the self-pleasure**

વિકટ પરિસ્થિતિમાં ય આનંદને આકબંધ રાખવાની કળા.
હસતા રહેવાની અને હસાવતા રહેવાની કળા.
કોઈપણ સાધન-સંપત્તિ વિના
દુનિયાના બેતાજ-બાદશાહ બનવાની કળા.
આનંદનો ઉત્સવ... મસ્તીનો મસ્ત મહોત્સવ.

**The real address of the real bliss**

---

# સંસ્કાર ABCD

તમારા અને તમારા સંતાનના સ્વર્ણિમ ભવિષ્યનું રીઝર્વેશન.
સ્કુલ-ટ્યુશન-કલાસનો લાખોનો ખર્ચ પણ
જે નહીં આપી શકે એ અણમોલ ઉપહાર.

**The Best Gift of the Best Parents.**

---

# હાર્ટ ટુ હાર્ટ

**Inspiring Talles**

જીવનસ્પર્શી વિષયો પર હૃદયસ્પર્શી વાતો,
જેના વિના યા આપનો આનંદ અધુરો રહશે,
યા પૂરો થઈ જશે.

**Insteresting articles, the joy of the reading.**